ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૨૪
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૯/૭/૨૦૧૫

// પરિપત્ર //

વિષયઃ- નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ મિલ્કતોના બાંધકામ અંગેના નકશા મંજુર કરાવવા, બાંધકામ શરૂ કરવા તેમજ ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા અંગેની સમય મર્યાદા અને તે અંગે થતા વિલંબીત સમય માટેના દંડની નીતિ.

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)-૩૯, તા. ૩/૧૦/૨૦૧૨.

(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૮)૦૭, તા. ૩૧/૦૫/૨૦૦૮.

ઉપરોકત સંદર્ભદર્શિત પરિપત્રોથી સદર બાબત અંગેની સમય મર્યાદા તેમજ વિલંબીત સમય માટેની દંડની રકમની નીતિ અમલમાં મુકવામાં આવેલ. હવેથી સંદર્ભદર્શિત પરિપત્ર ક્રમાંકઃ (૧) જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)-૩૯, તા. ૩/૧૦/૨૦૧૨ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે અને સંદર્ભદર્શિત પરિપત્ર ક્રમાંકઃ (૨) જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૮)૦૭, તા. ૩૧/૦૫/૨૦૦૮ ના મુદ્દા નં. (૯) માં દર્શાવેલ બાંધકામના નકશાની મંજુરી, બાંધકામ શરૂ કરવા અંગે તેમજ વાણીજય ઉત્પાદન શરૂ કરવા અંગેની સમય મર્યાદા અને વિલંબીત સમયની દંડની જોગવાઇઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે. આ બાબતે હવે પછીથી દરેક કિસ્સાઓમાં એકસરખી રીતે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ ઔદ્યોગિક, વાણીજય કે રહેણાંકના મિલ્કતોની ફાળવણી થયા બાદ ફાળવણીદાર ધ્વારા બાંધકામના નકશા રજુ કરવા, બાંધકામ શરૂ કરવા તેમજ મિલ્કતમાં ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા અંગેની વિતરણની તારીખથી સમય મર્યાદા તેમજ સદર સમય મર્યાદામાં થયેલ વિલંબીત સમય માટેના દંડની રકમ હવે પછીથી નીચે મુજબ લાગુ પાડવાની રહેશે.

| મિલ્કતનો વિસ્તાર (ચો.મી.) | બાંધકામના નકશા જીઆઇડીસી માં રજુ કરવા અંગે | | બાંધકામ શરૂ કરવા અંગે | | ઉપયોગ / ઉત્પાદન શરૂ કરવા અંગે | |
|---|---|---|---|---|---|---|
| | સમય મર્યાદા (વિતરણ તારીખથી) | દંડની રકમ (ચો.મી. પ્રતિ મહિના) રૂા. | સમય મર્યાદા (વિતરણ તારીખથી) | દંડની રકમ (ચો.મી. પ્રતિ મહિના) રૂા. | સમય મર્યાદા (વિતરણ તારીખથી) | દંડની રકમ (ચો.મી. પ્રતિ મહિના) પ્રવર્તમાન વિતરણ દરના ટકાવારી |
| ૫૦,૦૦૦ સુધી | ૮ મહિના | ૦.૭૫ | ૧૫ મહિના | ૦.૭૫ | ૩ વર્ષ | 3% |
| ૫૦,૦૦૧ થી ૧,૦૦,૦૦૦ | ૧૦ મહિના | ૦.૭૫ | ૧૮ મહિના | ૦.૭૫ | ૪ વર્ષ | 3% |
| ૧,૦૦,૦૦૧ થી વધારે | ૧૨ મહિના | ૦.૭૫ | ૨૧ મહિના | ૦.૭૫ | ૫ વર્ષ | 3% |

સદર પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રીના નામજોગ પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

નકલ જયભારત સહ રવાના:-
(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યુ

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)